GJPM020066982025

Presented on : 08-10-2025
Registered on : 08-10-2025
Decided on : 13-05-2026
Duration : 7M 5D

આંક-

---

**ગોધરાના મહેરબાન બીજા એડીશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ :ગોધરા, જિ.પંચમહાલ.**

---

**:: નમુના -અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ |
| ક્રિ.કેસ નંબર | ૪૪૮૫/૨૦૨૫ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ એ મુજબ |
| પ્ર.માહીતી અહેવાલ સંખ્યા | ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૫૦૪૪૮/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી એમ.આર.ગોસાઇ |
| આરોપી પક્ષ | પ્રભાતભાઇ ગુલાબસિંહ બારીઆ, ૪૬,<br>રહે. વડેલાવ વાડી ફળીયુ, વડેલાવ, ગોધરા, પંચમહાલ. |
| રજુઆત | વિ.વકીલ શ્રી આર.જી.પટેલ |

**:: નમુના -બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૫/૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૭/૦૫/૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૦/૧૧/૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૩/૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૩/૦૫/૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૫/૨૬ |

| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |
|---|---|

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રભાતભાઇ ગુલાબસિંહ બારીઆ | ૧૪/૦૬/૨૫ | ૧૪/૦૬/૨૫ | પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ એ મુજબ | નિર્દોષ | - | - |

## :: નમુના -ક ::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ.૧ | ૦૭ | સત્યજીતસિંહ દિગ્વીજયસિંહ રાઉલજી | ફરીયાદી |
| ફ.સ.૨ | ૦૯ | અજીતકુમાર વિજયસિંહ પટેલ | પંચસાહેદ |
| ફ.સ.૩ | ૧૨ | દલપતસિંહ જયસિંહ બારીઆ | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૮ | ફરીયાદ |
| ૨. | ૧૦ | પંચનામુ |
| ૩. | ૧૩ | સુચિપત્ર |
| ૪. | ૧૪ | રવાનગી પત્રક |

**બ. બચાવ પક્ષ**

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

**D.મટેરીયલ ઓબ્જેકટસ**

| અનુક્રમ નં. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વર્ણન |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ પાવતી મુજબ | મુદ્દામાલ પાવતી મુજબ |

## ::- ચુકાદો ::-

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પ્લાસ્ટીકની થેલીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના કવાટરીયામા કુલ નંગ ૦૪ ની કુલ કિં. રૂા. ૫૧૨/- નો મુદ્દામાલ પોતાના રહેણાંક મકાનમા સંતાડી મુકી રાખી પોલીસની રેઇડ દરમ્યાન પોતાના ઘરે હાજર નહી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ)(એ) મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદનાં આધારે તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ કરતાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સમની ધોરણસરની બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલા છે, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પુરતો સમય આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી નિવેદન લેતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે જેથી કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવ્યો.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફ થી ઉપર મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ધ્વારા મૌખિક વિનંતી થી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ બચાવના સાહેદ તપાસવા નથી કે

સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં તેઓ નિર્દોષ છે અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૨ મુજબ પક્ષકારો તરફે દલીલો :</u>**

(૫) આ કામે ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, આરોપીએ વગર પાસ પરમીટે પોતાના કબજામા દારૂ રાખેલ છે, જે ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીને મહતમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે આ કામે બચાવ પક્ષે તેમના વિ.વકીલ શ્રી જણાવે છે કે, ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની થકી આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ ફરીયાદ પક્ષે રજુ કરેલ ન હોય મુદ્દામાલ દારુ હતો કે કેમ તે પુરવાર થઇ શકતુ ન હોય જેથી આ કામે રજુ પુરાવાઓ પર થી ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલ કરેલ છે.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૩(૧)(બી) પોઇન્ટ ફોર ડિટેરમીનેશન :</u>**

(૬) આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત તથા આરોપીના વિ.વકીલ શ્રી ની દલીલો લક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પ્લાસ્ટીકની થેલીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના કવાટરીયામા કુલ નંગ ૦૪ ની કુલ કિં. રૂા. ૫૧૨/- નો મુદ્દામાલ પોતાના રહેણાંક મકાનમા સંતાડી મુકી રાખી પોલીસની રેઇડ

દરમ્યાન પોતાના ઘરે હાજર નહી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : નકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :-**

**ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :-**

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૯ થી પંચ, અજીતકુમાર વિજયસિંહ પટેલની જુબાનીમાં ફકત પંચનામામા તેમની સહી ઓળખી બતાવેલ છે. વિ.એ.પી.પી. શ્રી પંચોને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી પંચને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા સમગ્ર ઉલટતપાસ દરમ્યાન પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ વાત સ્વીકારે છે કે, પોલીસે તેમને તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવી હતી તે સિવાય બીજુ કાંઇ જાણતા નથી.

(૯) ફરીયાદ પક્ષે ફરીયાદી સત્યજીતસિંહ દિગ્વિજયસિંહ રાઉલજી ની આંક-૦૭ ની જુબાની મુજબ તા. ૨૭/૦૫/૨૫ ના રોજ તેઓ તથા એ. એસ. આઇ. કમલેશકુમાર રમણલાલ નાઓ સાથે ગોધરા તાલુકા પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે વઢેલા

ગામે વાડી ફળીયા રહેતો પ્રભાતસિંહ ગુલાબસિંહ બારીયાનાઓ પોતાની માલીકીની ઘરમા ઇંગ્લીશ દારૂ રાખી વેચાણ કરે છે જે બાતમી આધારે નજીકમાથી પંચો બોલાવી બાતમીવાળી જગ્યાએ રેડ કરતા કોઇ ઇસમ હાજર મળી આવેલ નથી જેથી તેના ઘરમા તેઓ તથા તેમના પંચોને સાથે રાખી તેના ઘરમા પ્રોહી.મુદ્દામાલ ઝડતી તપાસ કરતા ઘરમાથી અંદરથી એક પ્લાસ્ટીકની થેલીમા ભારતીય બનાવટના પ્લાસ્ટીકના કવાટરીયા નંબર ૦૪ જેની કુલ કિંમત ૫૧૨/- રૂા. નો પ્રોહી. મુદ્દામાલ પ્રોહી. પ્રતિબંધક એરીયામાથી મળી આવેલ હોય તેમાથી એક સેમ્પલ માટે કાઢી લઇ વિગતવારનુ પંચનામુ કરી સેમ્પલ તથા બાકીનો પ્રોહી. મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લીધેલ જેથી ઇસમ અમરસિંહ નાનાભાઇ માલીવાડએ પોતાના ઘરમા પાસ પરમીટ વગર પ્રોહી મુદ્દામાલ રાખી રેડ દરમ્યાન પકડાઇ નહી જઇ ગુનો કરેલ હોય તેઓને તેમની વિરૂદ્ધ કાયદેસરની ફરીયાદ આપેલ છે જે ફરીયાદ તેઓને બતાવવામા આવે છે જે આંક - ૦૮ થી રજુ કરેલ છે, જેમા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે, તેઓ તમો આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે,

આરોપી પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વડેલાવ ગામ ગીચ વસ્તીવાળુ ગામ છે, રેડવાળી જગ્યાની આજુબાજુ ઘણી બધી મકાન આવેલા છે, ફરીયાદમા કયા પંચો બોલાવેલા તેના નામ જણાવેલ નથી, ફરીયાદમા મકાનનો નંબર જણાવેલ નથી, મકાનની માલીકીનો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે આંક-૧૨ થી ત.ક.અ. દલપતસિંહ જયસિંહ બારીઆ પુરાવા મુજબ તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ તેઓ તથા એ.પો.કો. સત્યજીતસિંહ નાઓ સાથે ગોધરા તાલુકા પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે વડેલાવ ગામે વાડી

ફળીયા રહેતો પ્રભાતસિંહ ગુબાલસિંહ બારીયાનાઓ પોતાની માલીકીની ઘરમા ઇંગ્લીશ દારૂ રાખી વેચાણ કરે છે જે બાતમી આધારે નજીકમાથી પંચો બોલાવી બાતમીવાળી જગ્યાએ રેડ કરતા કોઇ ઇસમ હાજર મળી આવેલ નહી, જેથી તેના ઘરમા તેઓ તથા પંચોને સાથે રાખી તેના ઘરમા પ્રોહી.મુદ્દામાલ ઝડતી તપાસ કરતા ઘરમાથી અંદરથી એક પ્લાસ્ટીકની થેલીમા ભારતીય બનાવટના કાચના કવાટરીયા નંગ ૦૪ જેની કુલ કિંમત ૫૧૨/- રૂા. નો પ્રોહી.મુદ્દામાલ પ્રોહીપ્રતિબંધક એરીયામાથી મળી આવેલ હોય તેમાથી એક સેમ્પલ માટે કાઢી લઇ વિગતવારનુ પંચનામુ કરી સેમ્પલ તથા બાકીનો પ્રોહી મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે જેથી ઇસમ પ્રભાતસિંહ ગુબાલસિંહ બારીયાએ પોતાના ઘરમા પાસ પરમીટ વગર પ્રોહી મુદ્દામાલ રાખી રેડ દરમ્યાન પકડાઇ નહી જઇ ગુનો કરેલ હોય સત્યજીતસિંહ તેની વિરૂદ્ધ કાયદેસરની ફરીયાદ આપેલ છે.

વધુમા સાહેદ જણાવે છે કે, તે દરમ્યાન ફરીયાદી સત્યજીતસિંહ દિગ્વીજયસિંહ અ.પો.કો. ગો.તા.પો.સ્ટે. ગોધરાનાઓએ પો.સ્ટે. અમલદાર રૂબરૂ ગો.તા.પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નંબર ૬૦૧/૨૫ પ્રોહી. એકટ ૬૫ એ એ મુજબ ફરીયાદ રજીસ્ટર કરાવેલી, ત્યારબાદ પો. સ્ટે. અમલદારે ગુનાની આગળ વધારે તપાસ તેઓને સોંપતા તેઓએ સાંભળેલી ત્યારબાદ પો. સ્ટે. અમલદારે તેઓને અસલ ફરીયાદ સોંપેલ તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ સોંપેલ, ફરીયાદની હકીકતથી વાકેફ થઇ ગુના સબબ સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લખી લઇ ગુનાના કામ સામેલ દાખલ છે, તેમજ પંચનામુ પણ સામેલ રાખેલ છે, તેમજ રીકવર કરવામા આવેલ પ્રોહી. મુદ્દામાલના પુથ્થકરણ માટે એફએસએલ કચેરી વડોદરા ખાતે સેમ્પલ મોકલી આપેલ ત્યારબાદ આરોપીને પુછપરછ કરતા તેઓ

ગુનામા સંડોવાયેલા હોવાનુ જણાતા તેઓની કાયદેસરની ધરપકડ કરી ધરપકડની કાર્યવાહી પુર્ણ થતા આરોપીએ યોગ્ય જામીન રજુ કરતા આરોપીને પોલીસ સ્ટેશનથી જામીનમુકત કરેલા, ત્યારબાદ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાઇ આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ છે, તમો આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

આરોપી પક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાડેલાવ ગામગીચ વસ્તીવાળુ ગામ છે, રેડવાળી જગ્યાની આજુબાજુ ઘણીબધી મકાન આવેલ છે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી, મકાનની માલીકીનો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

(૧૧) કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુન્હો નિ:શંક રીતે પડેલ પુરાવાથી સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ હોય છે કે આરોપી નિર્દોષ છે. આરોપી સામેની સાબીતીનો બોજો ફરીયાદ પક્ષ પર હોય છે. આરોપીના કેસની નબળાઇનો લાભ ફરીયાદ પક્ષ ઉઠાવી શકે નહી. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ હકીકતના ગુણદોષ ઉપર આધારીત હોય છે.

(૧૨) આમ, કેસનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારે તેઓની કામગીરીને અનુરૂપ જુબાની આપેલ છે જે પોલીસ સાહેદ છે. આ કામે તપાસેલ પંચ હોસ્ટાઇલ થયેલ છે જેથી પંચનામું પુરવાર થયેલ નથી. ફરીયાદીએ ફરીયાદમા મકાનનો નંબર જણાવેલ નથી કે મકાનની માલીકીનો પુરાવો રજુ કરેલ નથી ફરીયાદમા કયા પંચો બોલાવેલા તેમના નામ જણાવેલ નથી જેથી ફરીયાદની હકીકત પુરવાર કરેલ નથી. ત.ક.અ.ની સમગ્ર જુબાની લક્ષમાં લેતાં જયાં રેઇડ

કરવામાં આવી તે બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઇ થી મળી શકે તેમ હોવા છતાં એવા કોઇ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી અને તપાસ બાબતે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. મુદ્દામાલની રેડ પંચોને સાથે રાખીને કરવામાં આવેલી હોય અને મુદ્દામાલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવુ પંચસાહેદોની જુબાની થી સમર્થન મળતુ નથી. જેથી પંચનામું અને પંચનામાની હકીકત ફરીયાદ પક્ષે સાબિત થતી નથી. **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઇ એસ.પટેલ,૨૬ જી.એલ.એચ(૧) માં** પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચસાહેદો ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદી તથા ત.ક.અ. ના પુરાવા પર આધાર રાખવો એ સાલમતીભર્યુ ગણાય નહી. વધુમાં **માનસિંગ મુળુભાઇ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઇ. એલ.એચ.સી.પાના નં. ૨૨૭૬૯૮ માં** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' જો પંચસાહેદો ફરીયાદીના કેસમને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાની શંકા ઉપજાવતા હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતી હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય '' મુદ્દામાલનો કબજો આરોપી પાસે હતો તે હકીકત પણ નિ:શંકપણે સાબીત થતી નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂ જ હતો, તે બાબતનુ એફ.એસ.એલ. નુ સર્ટીફીકેટ પણ રજુ નથી, દારુના કેસમા મળી આવેલ મુદ્દામાલ દારૂ જ હતો તેમ નિ:શંકપણે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે, જે આ કેસમાં ફરીયાદ પક્ષે પુરવાર થતુ ન હોય આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે.

(૧૩) આમ, ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામે પંચ ફરી ગયેલ તથા અન્ય સ્વતંત્ર સાહેદોના અભાવે માત્ર ત.ક.અ.નો પુરાવો ગૌણ બની જાય છે. આમ, સમગ્ર પુરાવાને એકીસાથે મુલવતાં ફરીયાદ પક્ષના પુરાવામાં શંકાઓ ઉદભવે છે. જે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂદધનો કેસ બિયોન્ડ રીજનેબલ ડાઉટ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) આ કામના આરોપી પ્રભાતભાઇ ગુલાબસિંહ બારીઆ, ૪૬, રહે. વડેલાવ વાડી ફળીયુ, વડેલાવ, ગોધરા, પંચમહાલનાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ - ૪૮૧ અન્વયે આરોપીએ રૂા. ૫,૦૦૦/- ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવા.

હુકમ આજ તા.૧૩, માહે- મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૬
ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.
ગોધરા, જિ.પંચમહાલ.
કોડ નં. જીજે.૦૧૬૭૨

GUJRATI STENOGRAPHER GRADE 2
S. S. DAVE